# આપણી વાત

## ■ સંકલન : પ્રફુલ્લ રાવલ ■

## શોકસભા

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૭-૩-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ વાગે વિદેહ થયેલા સાહિત્યકારોને શોકાંજલિ આપવા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં શ્રી હસમુખ બારાડીને શ્રી પ્રવીણ પંડ્યાએ, શ્રી તારક મહેતાને અશોક દવેએ, શ્રી ચિનુ મોદીને શ્રી સુભાષ શાહે, શ્રી પ્રાણજીવન મહેતાને શ્રી હર્ષદ ત્રિવેદીએ શોકાંજલિ આપી હતી.

ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે તા.૨૦-૪-૨૦૧૭ના રોજ પરિષદ પ્રમુખ શ્રી ચન્દ્રકાન્ત ટોપીવાળાની અધ્યક્ષતામાં વિદેહ થયેલા સાહિત્યકારો શ્રી રવીન્દ્ર ઠાકોર અને શ્રી જનક નાયકને શોકાંજલિ આપવા શોકસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી રવીન્દ્ર ઠાકોરને શ્રી યોસેફ મેકવાને અને શ્રી જનક નાયકને શ્રી ધ્વનિલ પારેખે શોકાંજલિ અર્પી હતી. આ શોકસભામાં અનેક સાહિત્યકારો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદના ઉપક્રમે શ્રી હરિનારાયણ આચાર્ય વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. બકુલ ત્રિવેદીએ ‘પક્ષી નિરીક્ષણ : ગુજરાતના પક્ષી સાહિત્યના સંદર્ભે’ વિષય પર તા.૧૮-૪-૨૦૧૭ના રોજ સાંજે ૫.૩૦ કલાકે વક્તવ્ય આપ્યું હતું.

*

ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાતી ભાષા-સાહિત્ય વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠના સંયુક્ત ઉપક્રમે કાકાસાહેબ કાલેલકર વ્યાખ્યાનમાળા અંતર્ગત શ્રી પ્રકાશ ન. શાહે ‘કાકાસાહેબ કાલેલકરની વિચારયાત્રા’ વિષય પર તા.૩૧-૩-૨૦૧૭ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે વક્તવ્ય આપ્યું હતું.

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા. સ્વાધ્યાયમંદિર અને દર્શક ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ‘ગ્રંથગોષ્ઠિ’ કાર્યક્રમમાં તા.૨૫-૪-૨૦૧૭ના રોજ સાંજે ૬.૦૦ કલાકે શ્રી વર્ષા અડાલજાની નવલકથા ‘ક્રોસરોડ’ વિશે શ્રી ભરત મહેતાએ વક્તવ્ય આપ્યું હતું.

તા.૨૩-૩-૨૦૧૭ના રોજ ‘પાક્ષિકી’ અંતર્ગત શ્રી ગોપાલી બુચે ‘અનુકંપા’



વાર્તાનું પઠન કર્યું હતું.

તા.૬-૪-૨૦૧૭ના રોજ ‘પાક્ષિકી’માં શ્રી રમેશ દરજીએ ‘આંખલો અને રીંછ’ વાર્તાનું પઠન કર્યું હતું. ત્યાર પછી શ્રી મહેન્દ્રસિંહ પરમારે ‘બ્લૅન્કેટ’ વાર્તાનું પઠન કર્યું હતું.

### *સાહિત્યવૃત્ત*

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી દર મહિનાના બે બુધવારે યોજાતી ભદ્રંકર વિદ્યાદીપક વ્યાખ્યાનશ્રેણીમાં તા.૨૯-૩-૨૦૧૭ના રોજ ડૉ. પ્રીતિ શાહે ‘શ્રીમદ્ રાજચંદ્ર : દોઢસોમી જન્મશતાબ્દીએ’ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

પ્રેમાનંદ સાહિત્ય સભાના શતાબ્દી પર્વની ઉજવણી નિમિત્તે, સંસ્થાના ઉપક્રમે તેમજ ગુજરાતી વિભાગ, મ.સ. યુનિવર્સિટી અને ‘ત્રિવેણી’ સંસ્થાના સૌજન્યથી પ્રો. સી.વી. મહેતા ઑડિટોરિયમમાં ‘નાટ્યોત્સવ’ યોજાયો હતો. જેમાં શ્રી પ્રવીણ પંડ્યા લિખિત ‘પછી શામળિયો બોલિયા’ અને મકરંદ મૂસળે લિખિત ‘શ્રીમંત સયાજીરાવ’નામે લઘુનાટકોનું મંચન થયું હતું.

તા.૨૬-૩-૨૦૧૭ના રોજ ડૉ. ભારતીબહેન શેલતને મુનિરાજશ્રી પુણ્યવિજયજીની સ્મૃતિમાં અપાતો સુવર્ણચંદ્રક ડૉ. કુમારપાળ દેસાઈએ અર્પણ કર્યો હતો.

### *સ્મિત પારેખ સાહિત્ય સ્પર્ધાની રૂપરેખા અને શરતો*

અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્યલેખન સ્પર્ધા ૨૦૧૭ માટે વાર્તા, કવિતા અને બાળવાર્તા મોકલવાનું આમંત્રણ છે. શ્રેષ્ઠ કૃતિને રૂ.૫૦૦૦નું રોકડ પારિતોષિક આપવામાં આવશે. ગુજરાતીમાં લખતા દરેક સર્જક માટે આ ખુલ્લી સ્પર્ધા છે. કૃતિની મહત્તમ શબ્દમર્યાદા આ પ્રમાણે છે. વાર્તા-૨૦૦૦ શબ્દો, કવિતા-વધુમાં વધુ ૧૪ લીટી, બાળવાર્તા-૧૫૦૦ શબ્દો. કૃતિને શીર્ષક આપવું જરૂરી છે. કૃતિ પર લેખકે પોતાનું નામ લખવું નહિ. નામ લખનારની કૃતિ અમાન્ય ગણાશે. કૃતિનું શીર્ષક, નામ, ટેલિફોન નંબર વગેરે અલાયદા કાગળ પર લખવું. સ્પર્ધકે પોતાની કૃતિની બે નકલ મોકલવી ફરજિયાત છે. (ટાઈપ કરીને અથવા ફૂલસ્કેપ પેપર પર સુવાચ્ય અક્ષરે અને અપ્રગટ રચના) કૃતિ મોકલવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઈ છે. કૃતિ અખિલ હિન્દ મહિલા પરિષદ, બૃહદ સુરત શાખા, શાલિભદ્ર કોમ્પલેક્ષ, કાદરશાની નાળ, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ના સરનામે મોકલવાની રહેશે.

❑